ભાજપ વિરૂદ્ધ મતદાન કરનાર છ જેટલા પાલિકાના સભ્યો સસ્પેન્ડ થયા હતા અને ફરીથી આ છ બેઠકો માટે આગામી ૨૮ જુલાઇ ના રોજ મતદાન થવા જઈ રહ્યું છે. ત્યારે પોતાની શાખ જાળવવામાં આ છ બેઠકો ભાજપ માટે જીતવી ખૂબ જ જરૂરી બની છે. જ્યારે બીજી તરફ જોવા જઈએ તો ભાજપમાંથી બર તરફ કરાયેલા નીલ સોની હાલ દેવગઢબારિયામાં મજબૂત નેતા કહી શકાય છે. તેઓ જનસંપર્કમાં સતત જોડાયેલા રહ્યા છે. અને સામાજીક સંસ્થાઓમાં તેઓના ભગીરથ કાર્યો પણ જોવા મળી રહ્યા છે. હાલ દેવગઢ બારીયાની રાજકીય પરિસ્થિતિ પર ધ્યાન કરીએ તો આ ચૂંટણી વર્તમાન પાલિકા પ્રમુખ ધર્મેશ કલાલ અને નીલ સોનીના રાજકીય અસ્તિત્વને નક્કી કરશે. ધર્મેશ કલાલ વર્તમાન નગરપાલિકા પ્રમુખ છે, અને તેઓ પણ પ્રજા વચ્ચે રહ્યા છે, ત્યારે હવે દેવગઢ બારીયાની જનતા નીલ સોનીની પડખે રહેશે કે ધર્મેશ કલાલને કાર્યરત રાખશે તે જોવાનું રહ્યું! આ પેટા ચૂંટણી ખરેખર દેવગઢબારિયા માટે ખૂબ જ મહત્વની બની રહેશે કારણ કે આની સીધે સીધી અસર ૨૦૨૭મા યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં જોવા મળશે. કારણ કે માઇક્રો પ્લાનિંગ કરી દર વખતે બીજેપીને જીતાડવામાં નીલ સોનીનો હંમેશા સિંહફાળો રહ્યો છે. પરંતુ હવે તેઓ ભાજપમાં રહ્યા નથી. તેમની ઉપર આમ આદમી પાર્ટી તેમજ કોંગ્રેસ જેવા રાજકીય વિરોધ પક્ષોની નજર છે. હવે નીલ સોનીના બંને હાથમાં લાડવો છે પરંતુ તેઓ ખાય છે કે નહીં તે જોવાનું રહ્યું! હવે બે મોટા દીગ્ગજ કહી શકાય એવા ખૂબ જ ઘનાઢ્ય લોકો વચ્ચેની ચૂંટણી હોવાથી આ ખૂબ જ હાઈ પ્રોફાઈલ બનનારી પેટા ચૂંટણીમાં દેવગઢ બારીયાની જનતા કોની સાથે જશે એ ખૂબજ મહત્ત્વનું છે. ગઈ વખતની ચૂંટણીમાં નીલ સોની ભાજપના બેનર પર ચૂંટણી લડ્યા હતા, અને જીત્યા હતા. પરંતુ તેઓ પક્ષાંતરધારા હેઠળ સસ્પેન્ડ થયા હતા. અને તેઓને પક્ષમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. અને હાલ તેઓ ફરીથી ચૂંટણી જંગમાં ઊતરશે ત્યારે હવે તેઓ જાતે ચૂંટણી લડશે કે તેમના કોઈ ઉમેદવારને ચૂંટણી જંગમાં ઉતારશે તે જોવાનું રહ્યું! દેવગઢ બારીયાની રાજકીય પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો નીલ સોની છ એ છ બેઠક પર પોતાના ઉમેદવારો ઊભા રાખશે જ્યારે ધર્મેશ કલાલ તેઓ ભાજપના બેનર પર જીતી હાલ પ્રમુખ પદ સંભાળી રહ્યા છે, ત્યારે આ પેટા ચૂંટણીમાં છ એ છ બેઠકો પર પોતાના ઉમેદવારને જીતાડવાની તેમની ખૂબ જ મોટી જવાબદારી રહેશે. આ હાઈ ફાઈલ ચૂંટણી જંગમાં જનતા કોની સાથે છે તે હવે જોવું રહ્યું!

દેવગઢ બારીયા નગરપાલિકામાં સાત ટર્મ સતત નીલ સોની પરિવારનું આધિપત્ય રહ્યું.

દેવગઢ બારીયા નગરના વિકાસમાં નીલ સોની પરિવારનો સિંહ ફાળો રહ્યો છે. નીલ સોની પરિવાર દેવગઢ બારીયા નગરપાલિકાની એકે ચૂંટણીમાં હાર્યો નથી. છેલ્લી સાત ટર્મ સુધી દેવગઢ બારિયા નગર પાલિકામાં નીલ સોની પરિવારનું આધિપત્ય રહ્યું છે. છેલ્લા ૩૦ વર્ષમાં ત્રણ ટર્મ નીલ સોનીના માતૃ, ત્રણ ટર્મ નીલ સોનીના ધર્મપત્ની ચાર્મી સોની તથા એક ટર્મ દેવગઢબારિયા નગર પાલિકામાં વિજયી બની પોતાની સેવા આપી દેવગઢબારિયા નગરને વિકાસની કેડીએ આગળ વધાર્યું હતું.

દાહોદ સ્માર્ટ સિટી હોવા છતાં શહેરીજનો ઉપર સમસ્યાઓની ભરમાળ

દાહોદમાં છેલ્લા પચીસ વરસ થી ભાજપનો દબદબો દાહોદના સાંસદ દાહોદના ધારાસભ્ય દાહોદ નગર પાલિકા, દાહોદ જીલ્લા પંચાયત, દાહોદ તાલુકા પંચાયત તમામ સ્થળો ઉપર ભાજપનો કબજો.

દાહોદ,

દાહોદની જનતા માટે સ્માર્ટ સિટીનું બેનર આશીર્વાદના જગ્યાએ શ્રાપ રૂપ જોવા મળી રહ્યું છે. એક તરફ સ્માર્ટ સીટીના કરોડો રૂપિયા સરકાર માંથી આવી ગયા તેમ છતાં દાહોદની જનતા સમસ્યાઓની ભરમાળ હેઠળ જીવી રહ્યા છે. દાહોદની જનતાને પ્રાથમિક સુવિધાઓ આપવામાં દાહોદના નેતાઓ નપાણિયા જોવા મળી રહ્યા છે.


દાહોદ શહેર ને દેશના તેજસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ માં રહી ચૂક્યા હોય તેમનું સ્વપ્નું હતું કે, દાહોદ નો વિકાસ થાય અને દાહોદની તમામ જનતાને તમામ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે આશય થી દેશમાં દાહોદ નગર પાલિકાને સ્માર્ટ સિટીની જાહેરાત કરી અને કરોડો રૂપિયા પણ ખર્ચ કરવા મોકલ્યા અને દાહોદનો વિકાસ થાય જનતા સુખી આનદ મંગળમાં રહે પરંતુ દાહોદ ના નમાલા નેતાઓના પાપે આજે પણ જનતા સમસ્યાઓની ભરમાળમાં જીવી રહી છે. દાહોદના નેતાઓ અધિકારીઓ પોતાના જ રોટલા શેકવા માંથી નવરાશ થતી નથી તો શું એ જનતાનું ભલું કરી શકે જનતાને પડતી સમસ્યાઓ પ્રત્યે કોઈ ધ્યાન દોરતા નથી અને પોતાની વાહવાહી સોશિયલ મીડિયામા બસ રચ્યા પચ્યા રહે છે, જ્યારે જ્યારે કોઈ નાના મોટા ફંકશનો થાય ત્યારે ત્યારે પોતાની વાહવાહી કરવા માટે મોદીની મોકલેલ ગ્રાન્ટો અને તેના મોકલેલ કરોડો રૂપિયાના આંકડા લખી લાવે છે અને તે તેમના ભાષણમાં મોટા અવાજે જાણે પોતાના પૈસા થી વિકાસના કામો કરાવતા હોય તેવી મોટી મોટી ડંફાસો મારતા હોય છે. ફક્ત ને ફક્ત યોજનાઓના નામ અને તેના પાછળ થયેલ ખર્ચની ચાદી વારંવાર પોતાના ભાષણ મા બોલતા હોય છે. યોજના કેટલી પૂર્ણ થઈ છે અને કેટલી બાકી છે, તેમાં કેટલી ખાયકી થઈ છે તે બધું જાણતા હોવા છતાં બોલી શકતા નથી શું દાહોદ સાંસદ અને દાહોદ ધારાસભ્યની ફરજમાં નથી આવતું આ યોજનાઓ નું કેટલું કામ થયું છે કેવું થયું છે ટેન્ડર ના હિસાબે કામ પૂર્ણ થયું છે કે નહીં પરંતુ તેઓ ફક્ત ને ફક્ત મોદીના નામ ઉપર પોતાને શાબાસી લેવી ગ્રાન્ટનો રૂપિયો ક્યાં અને કેવી રીતે ખર્ચ થયો છે. તેની કોઈ તપાસ કરવાની ફુરસત લેતા નથી. દાહોદ ધારાસભ્યની પણ આ તમામ બાબતો ઉપર ધ્યાન દોરવું જોઈએ નગર પાલિકામાં ચાલતા તમામ કામો ઉપર ધ્યાન દોરવું જોઈએ પરંતુ દાહોદ ધારાસભ્ય પાસે પણ સમય નથી. ફક્ત કાર્યક્રમોમાં જવું પોતાના ફોટા પડાવી સોશિયલ મીડિયા ઉપર અપલોડ કરવા ત્યાં કેટલું કામ થાય છે અને કેટલું કામ થયું નથી કેવું કામ કરેલ છે તે બાબત ઉપર તેઓની નજર હોવી જરૂરીયાતો ફક્ત મોદીના નામ ઉપર ચરી ખાય રહ્યા છે.

દે.બારીયા મામલતદાર ઓફિસમાં બેસતા તલાટી કમ મંત્રીઓ કેબીનમાં હાજર ન રહેતા અરજદારો અટવાયા હતા ???

દે.બારીયા,

દે.બારીયા મામલતદાર ઓફિસમાં શહેર અને તાલુકાની જાહેર જનતા અરજદારમ ાટેની કામગીરી જેવીકે, આવક દાખલા તથા ઓ.બી.સી. પ્રમાણપત્ર, રેશનકાર્ડ માટે તલાટી કમ મંત્રીઓની સહી–સિક્કા અને સહમતી માટે અરજદારો ખુબ મોટી સંખ્યામાં ધસારો જોવા મળે છે. તેમની કામગીરી માટે તલાટીઓની ફાળવણી કરેલા તલાટી કમ મંત્રીઓના કેબીનના ત્રણે ત્રણ ટેબલો તા.૦૭/૦૭/૨૦૨૬ના સોમવારના રોજ ૧૨.૦૦ કલાકના સમય સુધી તલાટી કમ મંત્રી નદારત હતા. અરજદારો આમ તેમ ફાંફા મારીને પુછતાછ કરતા નજરે ચડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મામલતદાર ઓફિસમાં પ્રથમ માળે તલાટી કમ મંત્રીની કેબીન અલાયદા બનાવેલ છે. જેમાં કસ્બા તલાટી તેમજ ગ્રામ્યના અરજદારો માટે તલાટી ફાળવેલા છે. તેમ છતાં સોમવારના ખુલતી કચેરીએ અરજદારોનો ખુબ મોટો ધસારો હોય છે. તેવા સમયે ઓફિસના સમયના દોઢ કલાક બાદ પણ તલાટીઓ પોતાના કેબીનમાં હાજર જણાયા ન હતા. જેથી અરજદારો એક બીજાને પુછતાછ કરતા હતા. પોતાની ફરજ પ્રત્યે બેદરકાર તલાટી કમ મંત્રીને કેમ કારણદર્શક નોટીસ ના આપવી જોઈએ તે પદના જવાબદાર અધિકારીઓ જણાવશે ખરાં ? વિકાસના કાર્યોમાં વિક્ષેપ સાનો તેના માટે કોણ જવાબદાર ગણાશે તે યક્ષ પ્રશ્ન છે.



દાહોદ ખાતે પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા આયોજીત રોપા વિતરણ મહોત્સવમાં ૫૧૫૩ જેટલા રોપાઓનું વિતરણ થયું

દાહોદ,

પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદ, સામાજીક વનીકરણ વિભાગ, દાહોદ તથા પશ્ચિમ રેલવે રતલામ મંડળના સંયુક્ત ઉપક્રમે પશ્ચિમ રેલવે દ્વારા ફીલેન્ડગંજ ખાતે ફાળવવામાં આવેલ 'પ્રકૃતિવન'માં રોપા વિતરણ મહોત્સવ ખૂબ સફળતાથી સંપન્ન થયો હતો.

પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા દર વર્ષે થતા સઘન વૃક્ષારોપણ અંતર્ગત આ વર્ષે આ રોપા વિતરણ મહોત્સવમાં મોટા વૃક્ષો અને ઘર આંગણે ઉછેરાતાં ફુલના નાના છોડ એમ બે પ્રકારે વિતરણ થયું હતું. પ્રકૃતિ મિત્ર મંડળના સ્થાપક અજયભાઈ દેસાઈ, પ્રમુખ ધર્મેન્દ્ર (બબલુ)ખત્રી અને મંત્રી સાકીર કડીવાલાના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ સમિતિના કન્વીનર નાસીર કાપડિયા અને આશિલ શાહના અનન્ય ઉત્સાહ અને આઈ.ટી. ટીમના સરસ મેનેજમેન્ટ થકી સામાન્ય છોડની સાથે રે'ર ગણાતા અનેક રોપાઓનું ખૂબ જ સરસ રીતે વિતરણ થયું હતું. પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા છેલ્લા બે દાયકાથી દાહોદને ગ્રીન સીટી બનાવવાનું અભિયાન જોરશોરથી ચાલી રહ્યું છે. મંડળના આ વિભાગના કન્વીનર નાસીર કાપડીયાના જણાવ્યા મુજબ પશ્ચિમ રેલવેના રતલામ મંડળ દ્વારા પ્રકૃતિ મિત્ર મંડળને ફાળવાયેલ મોટાં પ્લોટને મિયાવાકી તરીકે જાણીતી જાપાની પદ્ધતિથી નંદનવન બનાવ્યા બાદ ગુજરાતમાંથી નામશેષ થવાને આરે આવી ચૂકેલ અનેક વૃક્ષોના છોડ અન્યત્ર સ્થળેથી આ પરિસરમાં લાવી ઉછેર કરી આ વિસ્તારને નવપલ્લવિત કરી દેવાયો છે. આ રોપા વિતરણ કાજે આ વખતે પણ ઓનલાઈન રજીસ્ટ્રેશનની પદ્ધતિ અમલી બનાવાઈ હતી જે અંતર્ગત માત્ર એક જ અઠવાડિયામાં ઘર આંગણાના અને ખુલ્લા પ્લોટ માટેના ૫૦૦ થી વધુ લોકો દ્વારા રજીસ્ટ્રેશન થવા પામ્યા હતા. જે અંતર્ગત ૫૧૫૩ રોપાઓનું વિતરણ થયું હતું. જે થકી પ્રકૃતિ મિત્ર મંડળનો એક નવતર કીર્તિમાન રચાયો હતો. તા.૫.૭.૨૬ ને રવિવારે થયેલ રોપા વિતરણ મહોત્સવ અંતર્ગત મોટાં વૃક્ષ માટેના અને ઘર આંગણાના કૂંડામાં ઉછરતાં છોડ મળી કુલ ૫૧૫૩ રોપાઓનું ખૂબ જ સફળ કહી શકાય તેવું વિતરણ સંપન્ન થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહમંત્રી કિન્નર દેસાઈ તથા ઉપપ્રમુખ નીલમ અમીનના વડપણ હેઠળ ખાસ કરીને મંડળની પ્લાન્ટેશન સમિતિ, સ્નેક રેસ્ક્યુ ટીમ, સ્ટુડન્ટ નેચર ક્લબ ટીમ, સિનિયર સિટીઝન ટીમ તથા મીડિયા ટીમ પણ આ ભગીરથ કાર્યમાં ઉત્સાહભેર જોડાઈ હતી. તો નવજીવન સાયન્સ કોલેજના એન.એસ.એસ. અને બોટનીના વિદ્યાર્થીઓ પણ ખૂબ મદદરૂપ થયા હતા.



પશ્ચિમ રેલવે દ્વારા ફાળવવામાં આવેલ જમીનમાં પ્રકૃતિ મિત્ર મંડળ દ્વારા વિકસાવાયેલ 'પ્રકૃતિ વન'માં રચાયેલ ''બટરફ્લાય ઝોન'', બીયારણ વિકસિત કરવા માટે જર્મીનેશન ચેમ્બર દ્વારા વિકસિત અદ્ભુત ઈકો સિસ્ટમ વગેરે આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે.

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૫૮૦/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ બારીયા તેરસિંગભાઈ માનીયાભાઈ રહે. ઉંચવાણીયા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઉચવાણીયા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બારીયા તેરસિંગભાઈ માનીયાભાઈના પુત્રી નામે બારીયા કૃપાબેન તેરસિંગભાઈનો જન્મ તા.૧૯/૦૨/૨૦૦૫ના રોજ ઉચવાણીયા, તા.જિ.દાહોદમુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઉચવાણીયા, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પોતાનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,દશલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી..આજ તારીખઃ ૦૬ માંહે :જુલાઈ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૫૮૩/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ સિસોદીયા સુગમ ભવરસિંગ કાટેજ ફળીયા નસીરપુર, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ જન્મ–મરણ નોંધણી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી ફિલેન્ડગંજ, વેસ્ટર્નરેલ્વે, દાહોદ,તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી સિસોદીયા સુગમ ભવરસિંગનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૨ના રોજ પરેલ દાહોદ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પોતાનો જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા પોતાનો જન્મ–મરણ નોંધણી અધિકારી અને મુખ્ય આરોગ્ય નિરીક્ષકશ્રી ફિલેન્ડગંજ, વેસ્ટર્ન ૭, દાહોદ તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પોતાનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ધ્રશલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :જુલાઈ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૫૦૮/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ કળમી રાકેશભાઈ બાદુભાઈ રહે. આગાવાડા, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, આગાવાડા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી કળમી રાકેશભાઈ બાદુભાઈના પુત્રીના નામે કળમી સેજલબેન રાકેશભાઈનો જન્મ તા.૨૬/૦૮/૨૦૧૨ના રોજ આગાવાડા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા પુત્રીના જન્મ ની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,આગાવાડા તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,આગાવાડા તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :જુલાઈ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૩૦૮/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ ભુરીયા અરવિંદભાઈ ગણેશભાઈ રહે. ગડોઈ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ગડોઈ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભુરીયા અરવિંદભાઈ ગણેશભાઈ રહે. ગડોઈ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીઓના નામે (૧) ભુરીયા ચાંદની અરવિંદભાઈનો જન્મ તા.૧૬/૦૨/૨૦૧૬ના રોજ (૨) ભુરીયા દિપીકા અરવિંદભાઈનો જન્મ તા.૧૪/૦૧/૨૦૧૭ના રોજ (૩) ભુરીયા અસ્મિતા અરવિંદભાઈનો જન્મ તા.૧૯/૧૦/૨૦૧૮ના રોજ ગડોઈ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીઓના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા પુત્રીઓના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગડોઈ તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીઓના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ગડોઈ તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૦૬ માંહે :જુલાઈ–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૧૧૯/૨૦૨૬ તા.૩૦/૦૬/૨૦૨૬
અરજદારઃ બીલવાળ રમેશભાઈ મોજીભાઈ રહે. ઉકરડી, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઉકરડી, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બીલવાળ રમેશભાઈ મોજીભાઈના દાદી માને પુંજીબેન છગનભાઈ બીલવાળનું મરણ તા.૦૭/૦૯/૧૯૮૩ના રોજ ઉકરડી, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના દાદીના મરણ થયેલ ત્યારે અરજદાર ધ્વારા દાદીના મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઉકરડી, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદીના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ઉકરડી, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૩૦ માંહે :જુન–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં
કેસ.નં.૨૬૭/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ અમલીયાર નવલસિંગ વેસ્તાભાઈ રહે. નાનીખરજ, તા.જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, નાનીખરજ, તા.જિ દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી અમલીયાર નવલસિંગ વેસ્તાભાઈના પુત્રોના નામે (૧) અમલીયાર પિક્રસભાઈ નવલસિંગભાઈનો જન્મ તા.૧૫/૦૧/૨૦૦૭ (૨) અમલીયાર પ્રકાશભાઈ નવલસિંગભાઈનો જન્મ તા.૧૦/૦૫/૨૦૦૮ના રોજ નાનીખરજ, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રોના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા પુત્રોના જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,નાનીખરજ તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રોના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,રાજરડા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્ર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

ગોધરા અમન સોસાયટીમાં રહેતી પરણિતાને ખોટા વ્હેમ શક રાખી મારમારતાં તેમજ ફરિયાદીના ભાઈને આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ

ગોધરા,

ગોધરા અમન સોસાયટી જુના જકાતનાકાની પાછળ રહેતી ફરિયાદી બેનના લગ્ન તા.૨૭/૦૪/૨૦૨૫ નારોજ મુસ્લીમ સમાજના રીતિ રિવાજ મુજબ ઈદગાહ મહોલ્લા ખાતે આરોપી સાથે થયેલ હતા. ફરિયાદીબેન તેઓની બીજી પત્ની હોય તા.૨૯ જુનના રોજ ખોટો વ્હેમ શક રાખી ગાળો આપી મુક્કો મારી ઈજાઓ પહોંચાડી હતી. ફરિયાદીબેનન ભાઈ સમજાવા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ પોલીસ મથકે નોંધાવા પામી છે.

ગોધરા અમન સોસાયટી જુના જકાતનાકાની પાછળ રહેતી મહેજબીન મોહમંદ સીરાજ અંસારીના લગ્ન તા.૨૭/૦૪/૨૦૨૫ના રોજ ઈદગાહ મહોલ્લા ગોન્દ્રા ખાતે રહેતા શબ્બીર યાકુબ હયાત સાથે મુસ્લીમ રીતિ રિવાજ મુજબ થયેલ હોય તા.૨૯/૦૬/૨૦૨૬ના રોજ મારા ઘરે હાજર હતી. ત્યારે પતિ શબ્બીર યાકુબ હયાત મારી પાસે આવ્યો હતો અને તું બીજા કોઈ જોડે વાતો કરે છે. તેવો ખોટો વ્હેમ શક રાખી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ મોઢાના ભાગે આંખની નીચે મુક્કો મારી ઈજાઓ પહોચાડી હતી અને ગડદાપાટુનો મારમાર્યો હોય પતિ શબ્બીર યાકુબ હયાત સુધરી જશે તેમ વિચારી ફરિયાદ કરી ન હતી. તેમ છતાં શબ્બીર યાકુબ હયાત ખોટો વ્હેમ શક રાખી મારઝુડ કરી ઘર માંથી નિકળી જવા માટે ધમકી આપતો હોય પતિના અવારનવાર મારઝુડથી થાકીને ફરિયાદી બેનએ તેના ભાઈ સાહીર મોહમદ અંસારીને વાત કરતા તે શબ્બીર યાકુબ હયાતને સમજાવા જતા તેને પણ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય જેને લઈ ફરિયાદીબેન મહેજબીન મોહમંદ સીરાજ અંસારી એ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદી નોંધાવી કાયદેસર કાર્યવાહીની માંગ કરી છે.

હાલોલ કોર્ટે પ્રતીકકુમાર જોશીને આપેલા જામીન રદ કરાવવા સરકાર ગુજરાત હાઇકોર્ટના શરણેઃ કાયદા વિભાગની મંજૂરી બાદ કાલોલ પોલીસે કરી કાર્યવાહી

કાલોલ,

ગત જાન્યુઆરી મહિનામાં કાલોલ એમજીએસ ગરનાળા પાસે કાર ચાલકે પોતાનું કાળા કાચ તથા લાકડાના દંડા વાળુ વાહન પુરઝડપે હંકારી જતા ગંદો ઈશારો કરતા પોલીસે તિરંગા સર્કલ પાસે રોકતા કારમાં રહેલા એક યુવક અને બે મહિલાઓ દ્વારા બોલાચાલી કરી હતી. જેમાં કાલોલ નગરપાલિકાના કાઉન્સિલર જ્યોત્સનાબેન બેલદાર ત્યાં આવી પહોંચ્યા હતા અને પોલીસ સાથે ગેરવર્તન કરી પીઆઈ આર.ડી.ભરવાડ અને સ્ટાફ સાથે ગમે તેમ બોલી સ્પીફ્ટ ગાડીની ચાવી કાઢી લઈ ગાડી અહીંથી હટશે નહી તારા બાપની ગાડી નથી ગાડીને હાથ લગાડ્યો તો હાથ તોડી નાંખીશ હુ અહીંની લોકલ છું. તમારી પર હુમલા કરાવીશ અહીંથી જીવતા જવા નહીં દઈએ તેમ કહી વુમન કોન્સ્ટેબલ સુનીતાબેન અને શિલ્પાબેન ને હાથ ઉપર ઈજાઓ કરી વુમન કોન્સ્ટેબલનો હાથ મચકોડી નાંખી ઝપાઝપી કરતા ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદમાં પ્રતીક જોશી સહિત ચાર મહિલાઓ સામે ગુનો નોંધાયો હતો. જેમાં આરોપી પ્રતીકકુમાર સુરેન્દ્રભાઈ જોશીને હાલોલ એડી. સેશન્સ કોર્ટ દ્વારા અરજી નંબર ૨૨/૨૦૨૬ થી રેગ્યુલર જામીન આપવામાં આવેલા જે જામીન રદ કરાવવા માટે કાલોલ પોલીસ દ્વારા કાયદા વિભાગ પાસે મંજૂરી માંગવામાં આવી હતી. કાયદા વિભાગ તરફથી લીલી ઝંડી મળી જતાં, સરકાર દ્વારા આરોપીના જામીન રદ કરવા માટે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી દાખલ કરવામાં આવી છે.

ગુજરાત હાઇકોર્ટમાં જસ્ટિસ સંજીવ જે. ઠાકરની અદાલત સમક્ષ આ કેસ સુનાવણી પર આવ્યો હતો. નામદાર હાઇકોર્ટે બંને પક્ષોની રજૂઆતોને ધ્યાને લઈને આ મામલાની વધુ સુનાવણી આવતીકાલે ૦૭ જુલાઈ ૨૦૨૬ પર મુલતવી રાખી છે.

શહેરાની વિક્રમ સાર્વજનિક હાઈસ્કૂલ ચારી ખાતે એમ.જી.વી.સી.એલ દ્વારા વીજ સલામતી અને ઊર્જા સંરક્ષણ અંગે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

શહેરા,

શહેરા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ની પેટા વિભાગીય કચેરી–૨ દ્વારા ચારી ગામ ખાતે આવેલી વિક્રમ સાર્વજનિક હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વીજ સલામતી, ઊર્જા સંરક્ષણ અને જવાબદાર વીજ વપરાશ અંગે જાગૃતિ લાવવાનો હતો.શહેરા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા વિભાગીય કચેરી બે દ્વારા વિક્રમ સાર્વજનિક હાઈસ્કૂલ, ચારી ગામ ખાતે વિદ્યાર્થીઓમાં વીજ સલામતી, ઊર્જા સંરક્ષણ અને જવાબદાર વીજ વપરાશ અંગે જાગૃતિ લાવવાના હેતુથી વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન



વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં વીજળીનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો, વીજ અકસ્માતોથી બચવાના અસરકારક ઉપાયો, વીજ ચોરીના સામાજીક અને આર્થિક દૂષ્પરિણામો, ઊર્જા બચતનું મહત્વ તેમજ જવાબદાર વીજ વપરાશ અંગે સરળ, રસપ્રદ અને જીવંત ઉદાહરણો સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વિદ્યાર્થીઓને ખાસ સમજાવવામાં આવ્યું હતું કે, તૂટેલા અથવા લટકતા વીજ તારોથી હંમેશા સુરક્ષિત અંતર જાળવવું, ભીના હાથથી કોઈપણ વીજ ઉપકરણને સ્પર્શ ન કરવો, વીજ પોલ કે ટ્રાન્સફોર્મર નજીક રમવું નહીં તેમજ કોઈપણ વીજ અકસ્માત કે જોખમજનક પરિસ્થિતિ જોવા મળે તો તરત જ એમજીવીસીએલને જાણ કરવી સાથે વીજ સલામતીના આ સરળ નિયમોનું પાલન કરીને અનેક અકસ્માતો અટકાવી શકાય છે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્માર્ટ મીટરની આધુનિક કાર્યપદ્ધતિ, બિલિંગમાં પારદર્શિતા, રિયલ–ટાઇમ વીજ વપરાશની માહિતી, વીજ બચત માટે તેની ઉપયોગિતા તથા ગ્રાહકોને મળતા વિવિધ લાભો વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. ઉપરાંત સૌર ઊર્જા, પવન ઊર્જા જેવી પર્યાવરણમૈત્રી અને પુનઃપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોના ઉપયોગ દ્વારા હરિત અને સ્વચ્છ ભવિષ્યના નિર્માણમાં દરેક નાગરિકની ભૂમિકા અંગે પણ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને વધુ જીવંત અને યાદગાર બનાવવા માટે વીજ સલામતી આધારિત પ્રશ્નોત્તરી, શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા જાગૃતિ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઇનામો અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં શાળાના આચાર્ય, શિક્ષકગણ, એમજીવીસીએલના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહયોગથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહભેર સંપન્ન થયો હતો.

ગોધરા બી ડીવીઝન પોલીસ CEIR પોર્ટલથી ૯ ગુમ મોબાઈલ શોધી ફોન માલિકોને પરત સોપ્યા

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસે CEIR પોર્ટલનો ઉપયોગ કરીને રૂા.૨.૦૬ લાખની કિંમતના ૯ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. આ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા.

પંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને પંચમહાલ જીલ્લાના ઇન્ચાર્જ પોલીસ અધિક્ષક સફીન હસનના માર્ગદર્શન હેઠળ CEIR પોર્ટલ દ્વારા ગુમ થયેલા મોબાઈલ શોધવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ગોધરા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બ્રિન્દા જાડેજાના નેતૃત્વ હેઠળ, ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી. ગામેતી અને તેમની ટીમે ગુમ થયેલા મોબાઈલ સંબંધિત અરજીઓ SANCHAR SAATHI-CEIR પોર્ટલમાં અપલોડ કરી ટેકનિકલ માહિતીના આધારે તપાસ કરી હતી.

આ કામગીરીમાં Vivo, Oppo, Motorola અને iPhone સહિત વિવિધ બ્રાન્ડના કુલ ૯ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ ફોનની કુલ અંદાજીત કિંમત રૂા.૨,૦૬,૫૪૭ છે.

પોતાના ગુમ થયેલા મોબાઈલ ફોન પરત મળતા અરજદારોએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસનો આભાર વ્યકત કર્યો હતો. આ સફળ કામગીરીમાં પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી. ગામેતી, એએસઆઈ દશરથસિંહ અરૂણસિંહ, આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ સવદાશભાઈ અને લોકરક્ષક બિરેન્દ્રકુમાર જગદીશભાઈએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

મોરવા(હ) તાલુકાના આલું (મેત્રાલ) ગામે રૂા.૩૧.૩૩ કરોડના ખર્ચે પંપીંગ સ્ટેશન-૨નું ખાતમુહૂર્ત સંપન્નઃ ૧૨૫૦ હેક્ટર જમીનને મળશે સિંચાઈનો લાભ



શહેરા,

મોરવા હડફ તાલુકાના આલું મેત્રાલ ગામે પાનમ જળાશય આધારિત ઉદવહન સિંચાઈ યોજના અંતર્ગત બનનાર પંપીંગ સ્ટેશન નં.૨ નું તાલુકા પંચાયતના પ્રમુખ હરદીપસિંહ જાદવ, જીલ્લા પંચાયત સદસ્ય હિતેશભાઈ ભોઈ અને નાયબ કાર્યપાલક ઇજનેર વિરેન્દ્રસિંહ તલારની ઉપસ્થિતિમાં મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથારના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે ૩૧.૩૩ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર આ પંપીંગ સ્ટેશન મોરવા હડફ તાલુકાની સિંચાઈ વ્યવસ્થામાં નવો અધ્યાય શરૂ કરશે તેમજ આ યોજના કાર્યરત થશે. ત્યારે ૧૨૫૦ હેકટર ખેતી વિસ્તારને બારેમાસ સિંચાઈનું પાણી મળતું થશે, જેના પરિણામે ખેડૂતો એકને બદલે બે–ત્રણ પાક લઈ શકશે અને તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. ખાસ કરીને ભાઠા અને મેત્રાલ ગામના તળાવોને પાનમના પાણીથી ભરવામાં આવશે. જેનાથી માત્ર ખેતી જ નહીં પરંતુ ગામના પીવાના પાણી અને પશુઓ માટે પાણીની સમસ્યાનો પણ કાયમી ઉકેલ આવનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ સરકારની ખેડૂતલક્ષી યોજનાને વધાવી હતી અને કામ નિયત સમયમાં પૂર્ણ થાય તેવી આશા વ્યકત કરી હતી. યોજનાના ખાતમુહૂર્તને પગલે સમગ્ર પંથકના ખેડૂતોમાં વ્યાપક ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો.

કાલોલ ભાજપના માજી મહામંત્રી નશાની હાલતમાં ઝડપ્યો

કાલોલ,

કાલોલ પોલીસે પ્રોહિબિશન અને મોટર વ્હીકલ એક્ટ હેઠળ કાર્યવાહી કરીને બે વ્યક્તિઓને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં કાલોલ શહેર ભાજપ સંગઠનના માજી મહામંત્રી હર્ષ ચેતનભાઈ કાછીયા અને વિરેન્દ્રસિંહ વિજયસિંહ ખેરનો સમાવેશ થાય છે.

રવિવારે સાંજે આશરે ૦૭:૧૫ વાગ્યે સાગાના મુવાડાથી સાતમણા તરફ જવાના રોડ પર પીએસઆઈ એસ.આર. મકવાણા અને સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન તેમણે એક વાદળી રંગની એક્ટિવા મોટરસાયકલ (નંબરઃ GJ-17-BD-6164) વાંકીચૂકી આવતી જોઈ. પોલીસે વાહન રોકી તપાસ કરતા ચાલક અને પાછળ બેઠેલા બંને દારૂના નશામાં હોવાનું જણાયું હતું.

એક્ટિવા ચલાવી રહેલા હર્ષ કાછીયા પાસે ડ્રાઇવિંગ લાયસન્સ ન હતું અને તે દારૂના નશામાં તોતડાતી જીભે વાત કરતો હતો. પોલીસે તેની સામે મોટર વાહન અધિનિયમની કલમ ૧૮૫, ૩, ૧૮૧ અને પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બ) હેઠળ ગુનો નોંધી રૂ. ૨૫,૦૦૦/– ની એક્ટિવા જપ્ત કરી છે.

મોટરસાયકલ પાછળ બેઠેલા વિરેન્દ્રસિંહ ખેર પ્રોહિબિશન પ્રતિબંધિત વિસ્તારમાં વગર પાસ–પરમિટ દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં લથડિયા ખાતા અને બકવાટ કરતા મળી આવ્યા હતા. પોલીસે તેમની સામે ગુજરાત પ્રોહિબિશન સુધારા અધિનિયમ ૨૦૧૬ની કલમ ૮૫ અને ૬૬(૧)(બ) હેઠળ અલગ ગુનો દાખલ કર્યો છે.

હર્ષ કાછીયા ભાજપ સંગઠનના માજી હોદ્દેદાર હોવાથી અને વિરેન્દ્ર ખેર સ્થાનિક તેમજ ટોચના નેતાઓના સગા થતા હોવાથી, આ ઘટનાની જાણ થતા જ કાલોલ પોલીસ સ્ટેશનમાં સ્થાનિક નેતાઓ અને કાર્યકરો ઉમટી પડ્યા હતા. બંને આરોપીઓની વિધિવત ધરપકડ કરીને તેમને લોકઅપમાં ધકેલી દેવામાં આવ્યા હતા.

શહેરાના પાલીખંડાની પીએમ પાલીખંડા પ્રાથમિક શાળામાં ડો. આર. બી. પટેલના હસ્તે વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરાયું.

શહેરા,

શહેરા તાલુકાના પાલીખંડા ગામ ખાતે આવેલી પીએમ પાલીખંડા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રોત્સાહન અર્થે એક ભવ્ય નોટબુક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહીસાગર જીલ્લાના લુણાવાડા સ્થિત સુવિધા હોસ્પિટલના જાણીતા ગાયનેકોલોજીસ્ટ અને અગ્રણી સામાજીક કાર્યકર ડો. રમણભાઈ બી. પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદહસ્તે શાળાના કુલ ૩૫૩ જરૂરિયાતમંદ અને ઉત્સાહી બાળકોને ફૂલ્સકેપ નોટબુકનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું, જેને પગલે બાળકોના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડો. આર.બી. પટેલે ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંબોધતા જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે બાળકોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, કઠોર પરિશ્રમ અને યોગ્ય દિશાના માર્ગદર્શનથી જીવનમાં કોઈપણ મુકામ હાસલ કરી શકાય છે. ભવિષ્યમાં ડોક્ટર બનવા માટે તેમજ અન્ય ક્ષેત્રોમાં કારકિર્દી ઘડવા માટે અત્યારથી કેવી મહેનત કરવી જોઈએ તેની સરળ ભાષામાં સમજ આપી હતી. આ સાથે જ એક તબીબ તરીકેની સામાજીક જવાબદારી નિભાવતા તેમણે ગામની ઉપસ્થિત મહિલાઓને સ્વાસ્થ્ય અંગે જાગૃત કરી હતી. તેમણે સગર્ભા અને ધાત્રી માતાઓને પ્રસુતિ પહેલાં અને પ્રસુતિ બાદ રાખવાની થતી તકેદારી, પોષણયુક્ત આહાર અને સ્વાસ્થ્ય સંભાળ અંગેની વિશેષ અને અમૂલ્ય માહિતી પૂરી પાડી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજેશભાઈ સોલંકી જીલ્લા પંચાયત સદસ્ય ,નગરપાલિકા શહેરા ના મહિલા સભ્ય હસીલાબેન બારીયા તેમજ શહેરા નગરપાલિકાના ઉપપ્રમુખ હિંમતસિંહ જે પગી એસ.એમ.સી.ના અધ્યક્ષ તેમજ સભ્યો અને ગ્રામજનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કાર્યક્રમની આભારવિધિ આ શાળાના ઇન્ચાર્જ આચાર્ય જીતુભાઈ પટેલ એ કરવા સાથે પીએમ પાલીખંડા પ્રાથમિક શાળા પરિવાર એ દાતાઓનો આભાર માન્યો હતો. ઇન્ચાર્જ આચાર્ય જીતુભાઈ પટેલે સમગ્ર કાર્યક્રમની આભારવિધિ આટોપી હતી. તેમણે ડો. રમણભાઈ પટેલ સહિતના તમામ દાતાઓ અને ઉપસ્થિત મહેમાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. શાળા પરિવારે દાતાઓની આ ઉમદા સરવાણીને બિરદાવી પ્રશંસા કરી હતી.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ નંબરઃ– ૫૮૩/૨૦૨૬ તા.૦૩/૦૭/૨૦૨૬
અરજદારઃ ડામોર નરસીંગભાઈ સુમલાભાઈ રહે.વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, વજેલાવ,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર નરસીંગભાઈ સુમલાભાઈના પુત્ર ડામોર દેવરાજ નગરાભાઈનો જન્મ તા.૨૦/૧૦/૨૦૧૧ના રોજ ગામ.વજેલાવ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,વજેલાવા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૦૩/૦૭/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ નંબરઃ– ૬૦૫/૨૦૨૬ તા.૧૮/૦૬/૨૦૨૬
અરજદારઃ ડામોર સોબનભાઈ ચુનીયાભાઈ રહે.બોરીયાલા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બોરીયાલા,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રીડામોર સોબનભાઈ સુનીયાભાઈના પુત્ર ડામોર ઉમેશભાઈ સોબનભાઈનો જન્મ તા.૨૨/૦૧/૨૦૦૮નારોજ ગામ.બોરીયાલા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,બોરીયાલા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૧૮/૦૬/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ નંબરઃ– ૩૬૨/૨૦૨૬ તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદારઃ પરમાર મહેશભાઈ બરાભાઈ રહે.બોરીયાલા,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બોરીયાલા,તા.ગરબાડા,જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર મહેશભાઈ બરાભાઈના પુત્ર/પુત્રી (૧)પરમાર પવનભાઈ મહેશભાઈનો જન્મ તા.૧૫/૦૬/૨૦૦૬નારોજ ગામ.બોરીયાલા,તા.ગરબાડા,જિ.દાહોદ(૨) પરમાર પુજાબેન મહેશભાઈનો જન્મ તા.૨૧/૦૪/૨૦૦૮નારોજ ગામ.બોરીયાલા,તા.ગરબાડા, જિ.દાહોદ (૩)પરમાર પપ્પુભાઈ મહેશભાઈનો જન્મ તા. ૧૦/૧૦/૨૦૦૯ના રોજ ગામ.બોરીયાલા, તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્ર/પુત્રી નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,બોરીયાલા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રી ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :૦૪/૦૭/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
સ્થળ : ગરબાડા મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ નંબરઃ– ૬૫૭/૨૦૨૬ તા.૦૪/૦૭/૨૦૨૬
અરજદારઃ ગુંડીયા સામાભાઈ કાસમભાઈ રહે.બોરીયાળા,તા.ગરબાડા, જિ.દાહોદ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, બોરીયાળા,તા.ગરબાડા,જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રીગુંડીયા સામાભાઈ કાસમભાઈના પુત્ર/પુત્રીઓ નામે (૧) ગુંડીયા કાજલબેન સામાભાઈનો જન્મ તા.૧૫/૦૭/૨૦૧૨ ના રોજ ગામ.બોરીયાળા તા.ગરબાડા મુકામે (૨) ગુંડીયા જિગ્નેશભાઈ સામાભાઈનો જન્મ તા.૦૮/૦૫/૨૦૧૪ના રોજ ગામ.બોરીયાળા તા.ગરબાડા મુકામે (૩) ગુડીયા કૈલાશભાઈ સામાભાઈનો જન્મ તા. ૧૨/૦૩/૨૦૧૬ના રોજ ગામ.બોરીયાળા તા.ગરબાડા મુકામે (૪) ગુંડીયા કનેશભાઈ સામાભાઈનો જન્મ તા.૧૮/૦૮/૨૦૧૮ના રોજ ગામ. બોરીયાળા તા. ગરબાડા મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારાપુત્ર/પુત્રી નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,બોરીયાલા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રી ના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોકત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન–૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.આજ તારીખ–૦૪ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

તારીખ :૦૪/૦૭/૨૦૨૬ (કોર્ટનો સિક્કો) (એન.જે.ગોમતીવાલ)
સ્થળ : ગરબાડા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં
કેસ નંબરઃ– ૫૮૮/૨૦૨૬ તા.૨૫/૦૬/૨૦૨૬
અરજદારઃડામોર જયસીંગભાઈ કલીયાભાઈ રહે.માતવા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, માતવા,તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રીડામોર જયસીંગભાઈ કલીયાભાઈના પિતા ડામોર કલીયાભાઈ વિરસિંગભાઈનું મરણ તા.૨૦/૦૨/૧૯૯